


મિત્ર! સર્વ કંઈ તજજે પણ આત્માના આનંદને ન તજતો. આત્માના આનંદ ખાતર સર્વસ્વનો ભોગ આપવાનો પ્રસંગ આવે તો આપજે, પણ આત્માનંદને ટકાવી રાખજે; કારણ કે એ આનંદ જ જિંદગીને અમર બનાવનાર રસાયણ છે આત્માના આનંદને ખોનાર કદાચ જગતની સર્વ વસ્તુઓ મેળવી લે, તો પણ વાસ્તવિક દૃષ્ટિએ એણે શું મેળવ્યું કહેવાય? ખુશ્બો ચાલી જાય; પછી ફૂલની કિંમત પણ શું?

— ચિત્રભાનુ

# દિવ્યદીપ

## ❀ સંગનો રંગ ❀

એ મહાન તપસ્વી હતો. એની આસપાસ અભયનું વાતાવરણ હતું. એટલે હરણાં અને સસલાં એની હૂંફમાં સલામતી માણતાં. પણ ઈન્દ્રને ડર લાગ્યો. એણે એનું સિંહાસન સાચવવા તપસ્વીના પતનનો માર્ગ વિચાર્યો. એ ક્ષત્રિય બની તપસ્વી પાસે આવ્યો. "સંત! સોનાના મૂઠાવાળી રત્નજડિત આ તલવાર આપની પાસે સાચવવા મૂકી હું સ્નાન કરી આવું." કહી એ સ્નાન કરવા ગયો. સાંજ થઇ એ ન આવ્યો. તપસ્વીને ચિન્તા થઇ—માણસની નહિ, આ રત્નજડિત તલવારની. તલવાર હાથમાં લીધી. ધારદાર તલવારના મૂઠામાં રત્નો ચમકી રહ્યાં હતાં. એને એક નબળો વિચાર આવી ગયો. આ તલવાર જેની પાસે હોય તેને ભય કોનો? તપસ્વી જ્યાં જાય ત્યાં તલવાર સાથે જ લઈ જાય. ધીરે ધીરે એને અહિંસાને બદલે તલવારની તાકાતમાં શ્રદ્ધા વધતી ગઈ. એ ભૂલી ગયો, સિંહાસન તલવારથી નહિ, ત્યાગથી સ્થિર થયાં છે. એને આત્મિકને બદલે ભૌતિક બળ સબળ લાગ્યું. તલવાર જોતાં મૃગલાં અને સસલાં દૂર ભાગ્યાં. તપસ્વી મલકાયા: જોઉં છું હવે મારી પાસે કોણ આવવા હિમ્મત કરે છે!

ઈન્દ્રના મુખ પર માર્મિક સ્મિત ફરક્યું.

— ચિત્રભાનુ

વર્ષ ૬ : અંક ૩ : સપ્ટેમ્બર

# ❋ "જીવનસૌરભ"ના ઉદ્ઘાટનનો આનંદ ❋

નિઃસ્વાર્થભાવે પૂ. ગુરુદેવ પ્રેરણાદાયી વાણી વહાવી રહ્યા, સરળ આત્માઓ ઝીલી રહ્યા. ઝીલતાં ઝીલતાં ભકતોનાં મનમા વિચાર ઉદ્ભવ્યો: "હું પૂ. ગુરુદેવનું ઋણ કેવી રીતે અદા કરું ? આ નિર્ગ્રંથ અને આત્માનંદના સ્વામીને શું ધરું ?"

પૂર્ણચૈતન્ય ચૈતન્યને આવકારે, જડને નહિ !

મનોમંથન વધતું જ ગયું. કો'કે પૂ. ગુરુદેવનું માર્ગદર્શન મેળવી સંપત્તિનો બોજો હળવો કર્યો, તો કો'કે અંતરની ભાવનાથી બિહાર અને ગુજરાતના પીડિતોની સેવા કરી. કો'કે તનથી, કો'કે મનથી, કો'કે ધનથી સેવા કરી પૂ. ગુરુદેવે ચીંધેલા માર્ગે ચાલવા શકય પ્રયત્ન કર્યો.

આવી જ સંવેદના એક ભકતે અનુભવી. એક સોહામણી પળે સ્ફૂર્યું : "જે આજે વટવૃક્ષ બની સંસારના આતાપથી પીડાતા અનેકને જ્ઞાનની છાયા આપી રહ્યા છે એ વૃક્ષનું બીજ કયાં છે ? એ બીજમાં ખાતર કોણે નાખ્યું, વારિ કોણે સિંચ્યું, એ છોડ કયાં પાંગર્યો, કેમ પાંગર્યો ? એના વિકાસમાં કોણ આવ્યું, કોણ ગયું, કોણ લઈને ગયું, કોણ મૂકીને ગયું ?

"સંસારના વૈભવભર્યા વાતાવરણમાં ન રંગાતા એ આત્માએ શું મંથન અનુભવ્યું કે આંખના પલકારામાં રાગદ્વેષની ચાદર ખંખેરીને એ આત્મા ઊભો થયો અને ચાલી નીકળ્યો.

"શું આ બધું શબ્દદેહે ન આલેખાય ? જેમણે મને પ્રેરણા આપી એમનું જીવનચરિત્ર અનેકને પ્રેરણા નહિ આપે ?

"પૂ. ગુરુદેવ સહુના છે, એમનું જીવન open diary છે. શા માટે એનો લાભ સૌને ન મળે ?"

ત્યાં બીજો વિચાર આવ્યો, 'હું લેખિકા નથી. વિદુષી પણ નથી.'

મન પાછું પડે તે પહેલાં અંતરમાંથી અવાજ આવ્યો 'તારે કયાં વિદુષી બનવું છે ? તારે તો અંતરની ઊર્મિઓથી ભકિતભાવે મનમાં આવ્યું તે આલેખવું છે અને પૂ. ગુરુદેવના ચરણે સમર્પણ કરવું છે."

ભકતે લખવાનું શરુ કર્યું, વિગતો મળતી ગઈ, અંદરની સ્ફુરણા વધતી ગઈ, અને ચરિત્ર લખાતું ગયું.

મનનો ઉત્સાહ, વિચારોનો પ્રવાહ અને સંતનું જીવન એમાંથી પ્રભાબહેન પરીખ લેખિત જીવનસૌરભનો જન્મ થયો.

આ પુસ્તકનું ઉદ્ઘાટન કરવું કયારે ? અને કોના હાથે ?

પૂ. ગુરુદેવના જન્મતિથિથી વધુ સુંદર દિવસ કયો હોય ?

શ્રાવણ સુ. બીજનો જન્મ અને બીજમાંથી વૃક્ષ કેમ બન્યું તેની જ જીવનકથા. ધન્ય દિવસ અને ધન્ય ચરિત્ર.

ત્યાગીના જીવન ચરિત્રનું ઉદ્ઘાટન ત્યાગીના હાથે કે રાગીના હાથે ?

સમાજના અગ્રગણ્ય નેતા કે સદ્ગૃહસ્થના હાથે નહિ પણ પૂ. ગુરુદેવના સહયાત્રી, સદ્વિચારી, સંતના હાથે કેમ નહિ ?

આગમ પ્રભાકર પૂ. પુણ્યવિજયજી મહારાજશ્રીને વિનંતી કરવામાં આવી. પૂ. ગુરુદેવ પ્રત્યેના પ્રેમ અને લાગણીના ખેંચાણે વિનંતી સ્વીકારી.

વયોવૃદ્ધ આગમ પ્રભાકર પૂ. મુનિશ્રી પુણ્યવિજયજી મહારાજ વાલકેશ્વરથી વિહાર કરીને કોટ શાંતિનાથ જૈન ઉપાશ્રયમાં પધાર્યા તેઓશ્રીનું ભાવભીનું સ્વાગત થયું.

શ્રાવણ સુદ બીજ, ૧૫મી ઓગસ્ટનો શુક્રવારનો અરુણોદય થયો. ધ્વજવંદન વગેરે અનેક કાર્યક્રમો હોવા છતાં માનવપ્રવાહ કોટ ઉપાશ્રય તરફ વળ્યો. અનેકને છોડીને એક તરફ પ્રેરાયો. ભકતોનો, હિતેચ્છુઓનો, શુભેચ્છકોનો પ્રવાહ કોટ તરફ આવી જ રહ્યો.

શ્રી જમુભાઈ દાણીને એક મિત્રે પૂછ્યું : "કયાં જાઓ છો ? સ્વાતંત્ર્ય દિનની ઉજવણીમાં ?" "ના, કોટના જૈન ઉપાશ્રયે." પૂછનારને નવાઈ

[ અનુસંધાન કવર ૪ પર

# આગમ પ્રભાકર પૂ. મુનિરત્ન પુણ્યવિજયજી મહારાજશ્રીનું પ્રવચન

જીવન સૌરભનું ઉદ્ઘાટન મારે હાથે કરવાનું છે.

પ્રાચીનયુગમાં જ્યારે શાસ્ત્રો રચાતાં હતાં ત્યારે જ્યાં સુધી એને પ્રતિષ્ઠિત કરવામાં ન આવતાં ત્યાં સુધી માન્ય ગણાતાં નહોતાં. માત્ર જૈન સંપ્રદાયમાં જ નહિ પણ વૈદિક, બૌદ્ધ વગેરે સંપ્રદાયોમાં શાસ્ત્રોને ગીતાર્થો દ્વારા પ્રસ્થાપિત કરાતા અને ત્યાર પછી જ એ પ્રતિષ્ઠિત ગ્રંથ મનાતા.

આજે આ પુસ્તકનું ઉદ્ઘાટન એનું જ પ્રતીક છે.

શાલિવાહનના યુગમાં જ્યારે શાલિવાહન રાજા પ્રતિષ્ઠાનપુરની અંદર રાજ્ય કરતો હતો ત્યારે કાલકાચાર્યના એક શિષ્ય દીક્ષા છોડીને જતા રહ્યા. યોગ્ય-અયોગ્ય જીવોનો એવો સ્વભાવ છે. અયોગ્ય જીવ ચાલી પણ જાય અને યોગ્ય સ્થિર રહે છે. ગુરુએ પરીક્ષા કરેલી હોય તો પણ એમાં કયારેક વિપરીતપણું નીકળે.

પરીક્ષા કરીને, ખખડાવીને નાળિયેર લો છો તો પણ એમાંથી બદબુવાળું પાણી નીકળે છે. એ કુદરતની રચના છે.

છતાં પરીક્ષા કરવી જોઇએ, એના જે પ્રકારો શાસ્ત્રકારોએ બતાવ્યા છે તે કરવા જોઇએ.

આચાર્યના સહાધ્યાયીએ કહ્યું: આપ બધું ભણ્યા પણ જ્યોતિષ શાસ્ત્ર જોઇને સ્થિરલગ્નમાં આપેલી દીક્ષાથી ચેલો સ્થિર રહે એવું મુહૂર્ત ન કાઢી શકયા.

જ્યોતિષ શાસ્ત્ર ચેલાને સ્થિર નથી રાખી શકતું. એ તો મનના તુક્કાઓ છે. જ્યોતિષના હિસાબે લગ્ન કર્યાં હોય, કાર્યો કર્યાં હોય તો પણ વિપરીતતા જોઇએ છે. માટે માત્ર જ્યોતિષને જ કારણ માની લેવું એ બરાબર નથી. ઘણાં કારણો પૈકી એ એક કારણ છે.

એક કાર્ય નિષ્પન્ન થવામાં એક નહિ અનેક કારણો છે. એ બધાં કારણોનો અપલાપ કરીને (છુપાવીને) માત્ર એક જ કારણને આગળ કરીએ તો ભૂલા પડીએ. પછી જ્યોતિષ પ્રત્યેની, સત્ય પ્રત્યેની અને ધર્મ પ્રત્યેની શ્રદ્ધા ચાલી જાય છે.

જૈન શાસ્ત્રકારોએ કહ્યું : પાંચ કારણો ભેગા થાય ત્યારે કાર્યસિદ્ધ થાય છે. કાળ, સ્વભાવ, નિયતિ, પુરુષાર્થ અને પૂર્વકૃત એટલે કર્મ.

સહાધ્યાયીએ જ્યોતિષ શાસ્ત્રનો ઉલ્લેખ કર્યો, આ નિમિત્તે આચાર્યે અષ્ટાંગ નિમિત્ત શીખવાનો વિચાર કર્યો. ભગવાન શ્રી પાર્શ્વનાથના જમાનામાં અષ્ટાંગ નિમિત્તના સહારે ઘણા દીક્ષા છોડી આડે માર્ગ ચાલ્યા ગયા હોવાથી ભગવાન મહાવીરે એનો નિષેધ કર્યો હતો. ક્રમેક્રમે એ પરંપરા વિચ્છિન્ન થઈ ગઈ.

કાલકાચાર્યને અષ્ટાંગ નિમિત્ત ભણવાની આવશ્યકતા ઊભી થઈ. નિર્ગ્રંથ પરંપરામાં કોઈની પાસે એ વિદ્યા ન હતી એટલે આજીવિક-આજીવક સંપ્રદાયના નિર્ગ્રંથ પાસે જઇને વિદ્યાનું અધ્યયન કર્યું. પછી લોકાનુયોગ અને પ્રથમાનુયોગ નામના ગ્રંથ લખ્યા અને આગમોની અંદર summary તરીકે અધ્યયનમાં શતક આદિમાં કયા વિષયો સમાયા છે તેને લગતા સંગ્રહણીક ગ્રંથોને તૈયાર કર્યા. પાટલીપુત્રમાં જઇને સંઘને વિનંતી કરી. સંઘે ગ્રંથો તપાસ્યા, સાંભળ્યા અને પ્રતિષ્ઠિત કર્યા.

આ રીતે પ્રાચીનકાળમાં ગ્રંથોનું ઉદ્ઘાટન, ગ્રંથોની પ્રતિષ્ઠા કરવામાં આવતી.

અભયદેવાચાર્ય જેવા આચાર્યે જ્યારે આગમોની ટીકાઓ તૈયાર કરી ત્યારે પ્રશ્ન ઊભો થયો

કે આને તપાસે કોણ? એક બુદ્ધિ દ્વારા થયેલું કામ કદી સુઘડ હોતું નથી. એમાં બીજા વિદ્વાનો અને ગીતાર્થોની બુદ્ધિ અને પ્રતિભા જ્યારે મળે છે ત્યારે જ એમાં પૂર્ણતા આવે છે. તે વખતે સેંકડો આચાર્ય હતા પણ આગમની ટીકાનું પરીક્ષણ કરવા કોઈ ન મળ્યું. અંતે ખંભાતમાં, ચૈત્યવાસી દ્રોણાચાર્યને પસંદ કર્યાં.

ઈતિહાસની પરંપરા જુઓ તો જણાશે કે જ્ઞાનીઓને કેટલી વિપત્તિઓ સહન કરવી પડી છે.

બધા વાતો કરે છે કે આ રીતે કરવું જોઇએ, શાસનની ઉન્નતિ આમ થવી જોઇએ, સંઘની ઉન્નતિ આ રીતે થવી જોઇએ. પરંતુ જ્ઞાનના માર્ગ કેટલા કપરા અને વિષમ છે એ તો જ્યારે તમે જ્ઞાનની દીશામાં જાઓ ત્યારે જ સમજશો. જ્ઞાન અને ચારિત્રના સીમાડાને છેડો નથી.

તપ કરવું સહેલું છે. માણસ સૂઇને તપ કરી શકે છે પરંતુ જ્ઞાન અને ચારિત્રના માર્ગ જેવા માની લઇએ તેવા સરળ નથી. એની અંદર તો જીવનની સાવધાનતા અને અપ્રમત્તતા જેટલા અંશે આવે એટલા જ એ સરળ બને છે.

જ્ઞાન અને ક્રિયાનો માર્ગ કેટલો વિષમ છે? એને જીવનમાં લાવવા માટે માણસમાં વિચાર, શકિત, સ્મરણ શકિત, ઉપયોગ અને સમાધિ જોઇએ.

આજે ચંદ્રલોકમાં પહોંચનારા પાસેથી આપણે એક વસ્તુ ગ્રહણ કરવાની છે. એમની અપ્રમત્તતા. એક વસ્તુની ભૂલ ન થાય એને માટે કેટલી સાવધાની! ચંદ્ર ઉપર પહોંચ્યા પછી કોઇ વસ્તુની ઊણપ લાગી નહિ. બધા જ સાધનો time to time. બધું જ મળી રહે. એમની કેટલી ચોકસાઈ હશે?

આજે આપણા બધાની ચોકસાઈ શું? એક પૂર્વ તરફ, બીજો પશ્ચિમ તરફ. આપણી સાવધાની આજે જીવન સાથે કોઈ જ કામ કરતી નથી; માત્ર જડતા કામ કરે છે. અને તેમાં પણ આજે ગૃહસ્થ વર્ગ વિદ્યા, વિવેક અને વિનયની મર્યાદાથી કેટલો દૂર છે? એનું કર્તવ્ય, આચારો, સામાચારી, રીતરિવાજો કયા કારણથી ઘડાયા તે વિચારતા નથી. તમે જો ધારતા હો કે લેખો લખવાથી, વાક્કથાઓ કરવાથી, ચોપાનિયાં કાઢવાથી દુનિયા સુધરી જશે તો એના જેવી બેવકૂફી આ દુનિયામાં એકે નથી. આમ કરવામાં આજે ચારિત્રનો, વાણીની સ્વચ્છતાનો, ધર્મનો, શ્રદ્ધાનો હ્રાસ થઇ રહ્યો છે.

આવું લખવાથી, આવું બોલવાથી, આવું ચિંતન કરવાથી દુનિયા કદી પણ પલટાઇ નથી.

છએ દર્શનકારોએ દુનિયાના હજારો ગ્રંથો લખ્યાં છે છતાં આજે આપણે બધા એક થઈ શકયા નથી. દુનિયાના વિચારો, માન્યતાઓ અને રૂચિને માનનારા જીવો તે પ્રમાણે રહેવાના. દુનિયાનું એકવિધપણું કદી થયું નથી. આ દ્વૈત દુનિયામાં હંમેશા પ્રવર્તમાન છે.

રાગદ્વેષના, નિંદાના, handbillsના, ચર્ચાઓના જે પ્રવાહો વહી રહ્યા છે એ બધા વચ્ચે વ્યકિતને પોતાના જીવનને વ્યવસ્થિત રાખવું એ સામાન્ય વસ્તુ નથી, સહેલું નથી. આવી પરિસ્થિતિમાં મનની વૃત્તિઓને કેળવવાની આવશ્યકતા છે.

માત્ર હોહા કરીને, બોલીને અહીંથી રવાના થઈ જાઓ એટલું જ બસ નથી. આજનો યુગ માણસને કર્તવ્ય માર્ગની પ્રેરણા આપનારો છે. જીવનની અંદર કર્તવ્ય પ્રત્યે જાગૃત થશો તો તે આ નિંદાનાં ચોપાનયાં નહિ વાંચવા પ્રતિજ્ઞા લેશો, એવા પ્રકારના લેખો નહિ લખવાની પણ પ્રતિજ્ઞા લેશો. કોઇ વસ્તુ ન ગમે તો એ પ્રત્યે ઉદાસીન રહેવું. તટસ્થ રહીને દુનિયાનું દર્શન કરવું

એ જ વ્યક્તિ માટે આવશ્યક છે.

માનવમાત્રના જીવનની અંદર અભિમત્તા રહેલી છે. "હું જે બોલ્યો અને મેં જે લખ્યું એને પૂરવાર કેમ કરવું એ માટે જ એ પ્રવર્તમાન થાય છે." ખરૂં જોતાં તટસ્થ વિરાટ પુરુષો જ જીવનમાં સત્યોને સમજે છે અને સમજીને સ્વીકારે છે.

આવા ચરિત્ર વાંચ્યા પછી એ ચરિત્રમાંથી શું લઇને જીવનમાં અપનાવવું એ શીખવાનું છે.

એક ધનાઢ્ય શેઠ ઓટલે બેસીને આખો દિવસ માળા ફેરવે. 'રામ ભાર્ગવ પાર ભયે' આ મંત્ર બોલે અને પટ કરીને મણકો નાખે. પણ દુકાનમાં બે જાતના ચોપડા, બે જાતના ત્રાજવાં અને બે જાતનાં તોલ. બધું બે જાતનું, લેવાનું જુદું, આપવાનું જુદું.

સામે બેઠો બેઠો નાપિત—હજામ બધું જુએ. એણે સામેની દુકાનવાળા શેઠને વિનંતી કરી કે મને તમારા ઓટલા ઉપર બેસી મારો ધંધો કરવા દો. શેઠે કબૂલ કર્યું.

જ્યારે જ્યારે સામેના શેઠ 'રામ ભાર્ગવ પાર ભયે' બોલે ત્યારે આ નાપિત કહે : શેઠ કસ્તુરભાઈ લાલભાઈ પાંચ કરોડ, શેઠ શાંતિદાસ ત્રણ કરોડ ....' બધા ધનવાનોની યાદી ગોખે. જેટલા અવાજથી શેઠ બોલે એનાથી વધારે જોરદાર અવાજથી નાપિત બોલે.

શેઠે નાપિતને પુછયું : "તું આ શું કરે છે?" "કાકા, ધન મેળવું છું." "કેવી રીતે?" "આ બધા શેઠિયાઓના નામ ગોખું છું અને એમની મિલ્કતને યાદ કરું છું. યાદ કરીશ તો એમનું ધન મારા ઘરમાં આવી જશે." શેઠે કહ્યું : "મૂર્ખ ! એમ તે કદી બનતું હશે?" ત્યારે નાપિતે કહ્યું : "કાકા, તમે રામ ભાર્ગવ પાર ભયે બોલો એથી કાંઇ જીવનમાં પાર ઉતરવાના છો? તમે તો બે જાતનાં ચોપડાં, બે જાતનાં કાટલાં, બધું જુદું રાખો છો."

એમ આપણા જીવનની અંદર વિવેક, બુદ્ધિ અને જ્ઞાન નહિ હોય તો વાંચન શું કામ આવશે?

હું પૂછું : "અહીં આટલા બધા ભાઇઓ બેઠા છે એ કોઈ જાતનું ધાર્મિક વાંચન, નૈતિક વાચન, શૈક્ષણિક વાચન, વિદ્વાનોએ લખેલાં સુંદર પુસ્તકોનું વાચન, (કાકા કાલેલકરના પુસ્તકો એવું કાંઇ) વાચવાનો ઉદ્યમ કરે છે?"

બધા કહે : સાહેબ, અમને વખત નથી મળતો. સિગરેટ પીવામાં અડધો કલાક ફૂંકી નાખતાં વાર નથી લાગતી. બીજા કાર્યો કરવામાં, સિનેમા જોવામાં, નાટકો જોવામાં સમય ખરચાય જાય અને આત્મબુદ્ધિ, આત્મશકિતને વિકસાવવા માટે જીવનના પ્રવાહોને ઉન્નત બનાવવા માટે વખત નથી?

ધર્મપુરુષાર્થ જીવનનું મુખ્ય અંગ છે. આથી આવાં ચરિત્રો પ્રેરક બળ તરીકે ઉપયોગી છે.

મેં ઘણા ખરા ચરિત્રો જોયા છે. એમાં મોટે ભાગે સ્તુતિનો જ પ્રવાહ હોય છે. વિશિષ્ટ વસ્તુઓનો પ્રવાહ હજી સુધી જોવામાં નથી આવ્યો. આચાર્યોના ચરિત્રોની પ્રતિષ્ઠા ગૃહસ્થોના કાગળો ઉપર. ઘણી આશ્ચર્યની વાત છે. ત્યાગની પ્રતિષ્ઠા ગૃહસ્થો કરી આપે !

આપણે બધા બાહ્ય સમૃદ્ધિને લીધે ભગવાનને મહાન માનવા લાગ્યા. પરન્તુ સ્વામી સમન્તભદ્રને આપ્ત પરીક્ષાની અંદર લખવું પડયું કે આપની પાસે દેવો આવતા હતા, સમવરણ અને ચામર આદિની સમૃદ્ધિ હતી, એટલા માટે આપ મહાન નહોતા પણ આપ મહાન હતા તે આપની

સર્વજ્ઞતા અને આપ્તપણાને લીધે.

વ્યકિતની પ્રતિષ્ઠા જે રીતે પ્રસ્થાપિત કરવી જોઇએ એને બદલે આપણે અવળી ગંગા વહાવીએ છીએ.

ચરિત્ર લેખકોએ આ વસ્તુની હંમેશા ખૂબ ખેવના રાખવી જોઇએ કે આ વ્યકિતમાં શું વ્યકિતત્વ હતું, જેને લીધે સહુ આકર્ષાતા હતા.

અમુક સાધુઓ પાસે અમુક જાતની વ્યકિતઓ એના વ્યકિતત્વની પરીક્ષા કર્યા પછી જ આવે છે. સાધુના વ્યકિતત્વને દીપાવવાને બદલે શ્રાવકોના વ્યકિતત્વથી સાધુઓને દીપાવીએ છીએ.

ચરિત્ર લેખકોની આ પ્રથા બદલવા જેવી છે

આ પુસ્તકમાં શું પ્રથા રાખી છે તે તો મને ખબર નથી પણ મારી તો તમને એ જ સલાહ છે કે તમે પૂજ્ય પુરુષોને બીજાથી પ્રભાવિત ન કરો પણ પૂજ્ય પુરુષોના વ્યકિતત્વથી બીજાને પ્રભાવિત કરો તો એ ચરિત્ર વધારે સુઘડ અને આદર્શ બને છે.

પછી તો તમે જે પસંદ કરો એ જુદી વાત છે. લેખકનો અધિકાર છે, અને એ સ્વતંત્ર છે.

આજે ચંદ્રપ્રભસાગર મહારાજે એમના ચરિત્રની આભા ચોમેર પ્રસરાવી છે, એમની વાણીમાં એક જાતની પ્રતિભા છે. જે ધર્મકથા લબ્ધિ સંપન્ન હોય એ જ વ્યાખ્યાનો આપે છે. ઉપદેશ કરવાની શકિતથી જે યુકત હોય એવા પ્રકારના સાધુએ વ્યાખ્યાન કરે, લોકોને ધર્મ પમાડે. દેવ, ગુરુ, ધર્મનું તત્વ; જ્ઞાન, દર્શન, ચારિત્રનું સ્વરૂપ સમજાવી પ્રજાના જીવનની અંદર જ્ઞાન અને ચારિત્રનો ઓપ આપે છે.

ઘણા વર્ષો પહેલાં જે વખતે દુનિયા એમને જાણતી ન હતી તેવે પ્રસંગે 'જૈન'ની અંદર માત્ર બે કોલમવાળી એમણે લખેલી નાની કથા વાંચી. વાંચ્યા પછી મારા મન ઉપર એવી છાપ પડી કે આ વ્યકિતમાં વાણીનો પ્રભાવ છે અને એ જો ખીલવવામાં આવે તો સારું.

જો કે તે વખતે મેં પત્ર લખ્યો કે નહિ તે માટે અત્યારે હું શંકિત છું.

આજે એ છાપ પ્રત્યક્ષ થયેલી છે એટલે હું પ્રસન્ન છું અને ઇચ્છું છું કે એમનામાં જ્ઞાન અને ચારિત્રના ખૂબ પ્રવાહો જીવનમાં વહે, શુદ્ધ વસ્તુઓને એ પોતે ઝીલે અને દુનિયાને ઝીલાવે.

ચારિત્રના માર્ગો જીવનમાં ઘણા લાંબા અને દૂરગામી છે.

ઉપાધ્યાય શ્રી યશોવિજયજીના જીવનમાં શુદ્ધ ગુરુભકિત, જ્ઞાનની આરાધના, સેંકડોની સંખ્યામાં શાસ્ત્રોની રચના અને જીવનને સન્માર્ગે લઇ જવા માટેનો ભગીરથ પ્રયત્ન, આ બધું હોવા છતાં તેમને ચારિત્ર અને ક્રિયાના માર્ગો અતિ કપરા લાગ્યા હોવાથી તેઓશ્રીએ ન્યાયાલોક નામના પોતે રચેલા ગ્રંથના અંતમાં જણાવ્યું છે કે :

अस्मादृशां प्रमादग्रस्तानां चरणकरणहीनानाम् ।
अब्धौ पोत इवेह प्रवचनरागः शुभोपायः ॥

અર્થાત્–અમારા જેવા પ્રમાદમાં–રાગદ્વેષાદિમાં ખૂંચી ગયેલા તેમજ વિશુદ્ધ ચરિત્ર અને નિર્મળ આંતરક્રિયાથી રહિત એવા અમારા જેવા માટે, સમુદ્રમાં ડૂબતાને વહાણની જેમ, અત્યારે આપના પ્રવચન તરફ–આપનો શુદ્ધ ઉપદેશ પ્રત્યેનો જે અનુરાગ–અંતરનું આકર્ષણ છે, એ જ માત્ર એક સાચો ઉપાય છે.

જીવનમાં વિશિષ્ટ અપ્રમત્તપણાને સાધનાર ઉપાધ્યાયજીએ પોતા માટે ચારિત્ર અને ક્રિયામાર્ગની દુઃસાધ્યતા કબૂલ કરી છે. એથી તેમને ચારિત્ર અને ક્રિયાના માર્ગો કેવા વિષમ લાગ્યા

હશે તેમજ એ માર્ગો કેવા વિશિષ્ટ પણ ભાસ્યા હશે—એ આપણે તેમના ઉપરના સંવેદનથી સમજી શકીશું.

આ ગ્રંથના લખનાર અને ચરિત્ર નાયક ઉપર મોટામાં મોટી જવાબદારી આવે છે.

યશોવિજયજી મહારાજે પોતાના જીવનને ઘડવા માટે સાવધાન રહેવાની વાત કરી એમ ચરિત્રનાયકને પણ જીવનમાં કેટલી ચોકસાઇ, સમાધિ વગેરે રાખવું પડશે એ બધા વિચારો એમને માટે આવશ્યક બની જાય છે.

પ્રજાના જીવન ઉપર એમણે જ્ઞાનની, ચારિત્રની અને શ્રદ્ધાની જે અસર ઉપજાવી છે એમાં હંમેશાં પૂર્તિ થતી રહે અને એ પણ એવા ગુણવાન બનીને જગતને ગુણવાન બનાવવા ભગીરથ પ્રયત્ન કે કાર્ય જે કર્યાં છે એવા કરતા રહે, હજારો જીવો એમનાથી ધર્મ પામે અને એ પોતે પણ એ બધા ધર્મ પામેલાઓમાંથી કાંઇક મેળવતા રહે.

જેમ અમે તમને તારનારા છીએ તેમ તમે પણ અમને તારનારા છો. હું જેમ thesis લખનાર વિદ્યાર્થીઓને reference આપું છું, કોઈ વસ્તુનું જ્ઞાન આપું છું. તેમ એ લોકો પણ મને ઘણું આપી જાય છે. આવનાર વિદ્યાર્થી પણ જ્ઞાન આપી જાય છે.

તેમ શ્રાવક, શ્રાવિકાઓ પણ અમને પ્રેરણા આપી જાય છે.

સમોસરણમાં ભગવાન શ્રાવકોની સ્તુતિ કરતાં અને પોતાના નિર્ગ્રંથ, નિર્ગ્રંથિઓને કહેતા : જુઓ, આ શ્રાવકો, સંસારીઓ, અષ્ટાંગ માર્ગની અંદર રાચનારા, રાતદિવસ દુનિયાના પદાર્થોથી આકર્ષાયેલા એવા પણ જિંદગીના અંત સુધી વિશુદ્ધ—નિરતિચાર વ્રત પાળે તો તમે તો નિર્ગ્રંથ છો, તમે સર્વ વિરતિની પ્રતિજ્ઞા લીધી છે; એ શ્રાવક અને શ્રાવિકા કરતાં તમારી ફરજ વધારે છે.

એ રીતે શ્રાવક અને શ્રાવિકાના ક્ષયોપશમ, નિર્જરાની અનુમોદના થતી.

આવા ચરિત્રોમાંથી કેટલીક વખત જીવોને જુદી જુદી જાતની પ્રેરણાઓ મળે છે. એમ ન માનશો કે બધા જ ચરિત્રો બધાને રૂચિકર થાય છે! જે જે જેમના પરિચય અને સહવાસમાં આવેલા હોય તેમને તે તે ચરિત્ર અસર કરે છે.

આ પ્રસંગે એક વાત જણાવું.

જૈન સાહિત્યમાં મોટામાં મોટી ખામી મને એ લાગી અને એક અક્ષમ્ય ખામી છે કે કોઇ પણ મહાનુભાવ ગ્રંથકારે કોઇ સાધ્વીનું જીવન-ચરિત્ર જ આલેખ્યું નથી. ભગવાન મહાવીરની શાસનસ્વામિની સાધ્વી શ્રી ચંદનબાળા કે યાકિની મહત્તરા, જેણીને આચાર્ય શ્રી હરિભદ્રસૂરિએ ધર્મમાતા તરીકે માની હતી તેવી સંખ્યાબંધ મહામતિ સાધ્વીઓ પૈકી કોઇનું પણ જીવન-ચરિત્ર કોઈપણ મહાનુભાવ ગ્રંથકારે આલેખ્યું નથી. ખરેખર આ એક જૈન સાહિત્યમાં ઊણપ જ છે.

અંતમાં આપણે એવી આશા રાખીએ કે આ ચરિત્રમાંથી દરેક વ્યક્તિ એના જીવનમાંથી પ્રેરણા મેળવે, લખનાર બહેન મેળવે, મુનિવર્ય પણ મેળવે અને હું પણ એમાંથી પ્રેરણા મેળવું.

જેણે આપણને કેળવ્યા, જેણે આપણને દૃષ્ટિ આપી તેના ઉપકારનો બદલો કઇ રીતે વાળી શકશું? હૈયાનો પ્રેમ અને સુવાસથી જ ને?

– ચિત્રભાનુ

# પૂજ્ય મુનિશ્રી ચિત્રભાનુ મહારાજશ્રીએ આપેલું પ્રવચન

શાસ્ત્રોમાં લખ્યું છે કે પ્રતિકૂળ ઉપસર્ગ કરતાં અનુકૂળ ઉપસર્ગ વધારે તીવ્ર હોય છે. નિંદા પ્રતિકૂળ ઉપસર્ગ ગણાય છે જ્યારે પ્રશંસા અનુકૂળ ઉપસર્ગ ગણાય.

સમજદાર માણસ તો એને માટે કોઈ ખરાબ બોલે ત્યારે વિચારે કે આ દોષ મારામાં છે? ન હોય તો પોતાની જાતને એમાંથી બાદ કરતાં કહે : "આ મને લાગુ પડતું નથી. કો'ક બીજા માટે કહેતો લાગે છે." એમ વિચારી નિંદાને સ્વસ્થતાથી સહન કરી શકે. પ્રતિકૂળ સંજોગોમાં સ્વસ્થતા રાખી શકે.

દેવતાઓ જ્યારે માણસને પાડવા માગે ત્યારે પ્રતિકૂળ ઉપસર્ગ કરે. પણ જ્યારે પ્રતિકૂળ ઉપસર્ગમાં નિષ્ફળ નિવડે ત્યારે અનુકૂળ ઉપસર્ગ કરે.

પ્રશંસા માણસના મનમાં ગલીપચી કરે છે. માણસ પ્રશંસા માટે પાઈ પાઈ કરીને ભેગી કરેલી મૂડી આપવા પણ તૈયાર થઈ જાય છે. તખતીઓ એની સાક્ષી છે.

આ પ્રશંસાની પકડમાં હું પણ કયાંક ન આવી જાઉં એની મને બીક હતી પણ આજે હું એમાં આવી ગયો. પણ ધ્યાન રાખજો કે હું આમાં આવવા છતાં નથી આવ્યો.

પૂ. મુનિરાજશ્રી પુણ્યવિજયજી મહારાજ મારા જૂના મિત્ર છે અને આવા કોઈ નિમિત્તે મને એમની શુભેચ્છા સહજ રીતે મળી જાય, એ શુભેચ્છા લેવા બેઠો છું, તમારી પ્રશંસા કે સ્તુતિ માટે નહિ જ.

મારા મનમાં સ્તુતિ મૂંઝવણ ઊભી કરે છે. પણ હમણાં જ પૂ. મુનિરાજ પુણ્યવિજયજી મહારાજે મને કહ્યું કે મૂંઝવણ રાખવાનું કોઈ કારણ નથી. વાત પણ સાચી છે. હું તો તમારી શુભેચ્છાનો, શુભભાવનાનો ભૂખ્યો છું.

દરેકને જીવનમાં કાંઇક ભેગું કરવાનો શોખ હોય છે. મને જીવનમાં શુભેચ્છા એકઠી કરવાનો શોખ છે, એ જ મારો સ્વભાવ છે. જ્યાંથી મળે ત્યાંથી શુભેચ્છા ભેગી કરી લઉં છું, પછી એ વૃદ્ધ માતાની હોય કે નિર્દોષ કુમારિકાની હોય, વડીલની હોય કે યુવાન કોલેજિયનની હોય, લૂલા–લંગડાની હોય કે પ્રજ્ઞાચક્ષુની હોય.

મારે તો જીવનમાં શુભેચ્છાઓની ગઠરિયા બાંધવી છે. આજે તમે બધા, સજ્જન માણસો તમારી શુભેચ્છા, હૃદયના ભાવ અને હાર્દિક અભિનંદન વ્યકત કરવા આવ્યા તે જ મારી મૂડી છે. ૭૪ વર્ષના વયોવૃદ્ધ, પૂ. મુનિરાજ પુણ્યવિજયજી મહારાજ મને આશીર્વાદ આપવા ઠેઠ વાલકેશ્વરથી આવ્યા એના કરતાં વધુ આનંદનો વિષય બીજો કયો હોઇ શકે? મારી ગઠરિયા તો ભરાઈ ગઇ.

જેવી રીતે વર્ષાઋતુમાં પર્વતના શિખરપર પાણી વરસે છે અને વહી જાય છે એમ સ્તુતિ અને પ્રશંસા આભ ફાટે છે, વરસે છે અને વહી જાય છે. એ વહી જાય છે પણ એમાં 'હું'નો ભાર આવતાં માનવીને ડૂબાડી દે છે.

દુલા કાગે કહેલી વાત યાદ આવે છે :

'રામના નામે પથ્થર તરે' એ શ્રદ્ધાથી કોઈ પથ્થર નાખે તો એ પણ તરી જાય! આ વાત શ્રી રામચંદ્રજીના કાને આવી. એમને થયું કે, બધા કહે છે તેનો લાવ, હું જાતે જ અખતરો કરું.

એક સવારે શ્રીરામ વહેલા ઊઠયા અને નદી કિનારે પહોંચી ગયા. હાથમાં પથ્થર લીધો અને નાખવા માટે હાથ ઊંચો કર્યો. ત્યાં મનમાં વિચાર આવ્યો: બધા તો રામના નામે પથ્થર નાખે, મારું નામ લે, પણ હું કોના નામે નાખું? મારા નામે? એટલે રામે કહ્યું: 'હું' મારા નામે

પથ્થર નાખું છું.' પથ્થર સીધો જ તળિયે ગયો! આ દૃશ્ય જોતાં રામજી ભોંઠા પડી ગયા. સારું છે કે કોઇએ જોયું નથી. જુએ તો બધું પોગળ બહાર જ પડે ને?

પાછળ વળીને જોયું તો ઝાડની ઓથે હનુમાન ઊભા હતા. રામ શરમાઇ ગયા. હનુમાન બહુ વિવેકી હતા, રામ પ્રત્યેની એમની ભકિત પણ અનન્ય હતી. હાથ જોડીને કહ્યું : "પ્રભુ! વાત સાચી છે. તમારા નામથી પથ્થર તરી જાય પણ તમે પોતે જ એને ફેંકો તો એ કેવી રીતે તરે? જેને બચાવનાર જ પછાડે તો તે કેમ ઊભો થાય?"

આ રૂપક કથા છે પણ એની પાછળ જીવનનો બોધ છે.

માણસમાં 'હું'નો ભાર આવતાં રામ પણ કંઈ નથી કરી શકતા.

માટે જ 'હું'ને પોષણ મળતા પ્રસંગોમાં વ્યકિતએ ખૂબ સાવધાન રહેવાનું છે. જીવનમાં અહંનો ભાર આવી ન જાય તે જોવાનું નામ જ તો સાધના છે.

જીવન સૌરભ ભકતની ભાવનાથી લખાયું છે. ભકતને કંકરમાં શંકર દેખાય છે, ભકતની નજર જ એવી સુંદર છે પણ એ જ વસ્તુ ભકત ન હોય એને જુદી જ લાગે. ભકત કંકરમાં શંકર જુએ પણ શંકર પોતે પોતાનામાં શંકર જુએ તો એ કંકર થઈ જાય.

ભાવનાના પ્રવાહમાં ભકિતએ ચરિત્ર લખ્યું, ફૂલચંદભાઇએ એને સમાર્યું અને પૂ. મુનિરાજ પુણ્યવિજયજી મહારાજે આવીને એના ઉપર આશીર્વાદ વરસાવ્યા! ભકતની ભાવના પૂર્ણ થઇ.

પણ કોઇને એમ થાય કે મારે બે ત્રણ મહિના સુધી બસ ચિત્રભાનુની નિંદા જ કરવી છે, તો એને પણ છૂટ છે.

ભકતને કોઇ રોકી શકતું નથી તો નિંદા કરનારને કેમ રોકી શકાય? ભાઈ, તું તારું કામ કર. નિંદા કરનારને મોઢે આપણે મુપત્તિ ન બાંધી શકીએ, તો સ્તુતિ કરનારના મોંમાં પાનનો બીડો પણ નહિ મૂકીએ.

કોઈ ગુલાબની ખુશબો પણ આપે અને કોઇ લસણની દુર્વાસ પણ લાવે. જેની પાસે જે હોય તે લાવે અને આપે. તમારું કામ તમે કરી શકો છો.

જૂના જમાનામાં નિન્દાનાં ફરફરિયાં બહુ દેખાતાં પણ હવે તો એનાં થોડાં અવશેષો જ રહ્યાં છે. નિંદા લખવા માટે પૈસા આપનારો પણ ગમાર જ છે ને? પણ હવે દૃષ્ટિ બદલાઇ છે, કચરો વાચવા માટે વિવેકી માનવી પાસે સમય જ નથી.

શ્રદ્ધાના પાયા મૂળમાંથી હાલી જાય એવી પરિસ્થિતિ ઉપસ્થિત થઈ છે. માનવ ચંદ્રલોકમાં જઈ આવ્યો પણ 'હું કયાં છું' એની એને ખબર નથી. જીવનમાં જે જાણવાનું છે એ જાણે નહિ તો એના જેવો ગમાર કોણ?

થોડા વર્ષો પહેલાં લંડનમાં બનેલો બનાવ છે. Wilfred Hooker નામના ક્રોડપતિ માણસ પાસે હેલિકૉપ્ટર હતું. એને પરિભ્રમણનો બહુ જ શોખ હતો. એમાં એ ફરવા જતો.

એક દિવસ હેલિકૉપ્ટરમાં ફરવા નીકળ્યો, ફરતાં ફરતાં ઘણે દૂર નીકળી ગયો. એટલામાં મશીન બગડ્યું. નીચે ઉતર્યા વિના છૂટકો ન હતો. ધીમે ધીમે નીચે ઉતરવા લાગ્યો. ખેતરો દેખાયાં એટલે એમાં ઊતરી પડયો. પણ એ કયાં ઊતર્યો તે એને ખબર નહિ.

એટલામાં સામેથી ગામડિયાને આવતો જોયો. હાથ કરીને ઊભો રાખ્યો. પૂછ્યું : "મહેરબાની કરીને મને કહે, આ ગામનું નામ શું છે?" કહે : "મને ખબર નથી." પૂછ્યું : "વારુ, આ

રસ્તો ક્યાં જાય છે?" કહે: "ખબર નથી." "પાસેના ગામનું નામ શું છે?" કહે: "ખબર નથી." "મને લંડનની ગાડી ક્યાંથી મળી શકશે?" કહે: "ખબર નથી." ગામડિયાના જવાબોથી ગુસ્સે ન થતાં પૂછ્યું: "નજીકમાં કોઇ સ્ટેશન છે?" પેલો ગામડિયો શાંતિથી એક જ જવાબ આપે "ખબર નથી."

ઘણા પ્રશ્નો પૂછ્યા પણ જવાબ તો એક જ હતો. "ખબર નથી."

અંતે હૂકર થાક્યો, બોલી ઊઠયો, "તને ખાસ કંઈ બહુ ખબર લાગતી નથી?"

ગામડિયાનો ઉત્તર જુદો હતો પણ સમજભર્યો હતો.

'I know more than you do.

'તું જાણે છે એના કરતાં હું વધારે જાણું છું.' હૂકરે કહ્યું: "Nonsense. નકામી વાત નહિ કર. હું જાણું છું એના કરતાં વધારે તું શું જાણે છે?"

ગામડિયાએ સ્વસ્થતાથી કહ્યું: "I know where I am and you don't.

'તને ખબર નથી કે તું ક્યાં છે, જ્યારે મને ખબર છે કે હું ક્યાં છું.'

'હું ક્યાં છું' એ જ જીવનમાં જાણવાનું છે. જીવનની યાત્રા પણ એ માટે જ છે. સંતોના આશીર્વાદ, મહાપુરુષોની શુભેચ્છાઓ અને લોકોના અંતરમાંથી નીકળતી હૃદયની ઊર્મિઓ પણ એ માટે જ છે.

બધી પ્રવૃત્તિઓનું મૂળ કેન્દ્ર શું છે? 'હું ક્યાં છું?', 'મારે શું ભેગું કરવાનું છે?'

મૂળ કેન્દ્ર વિના જ્ઞાન અજ્ઞાન છે, ચારિત્ર્ય કષ્ટ છે, તપશ્ચર્યા ભૂખમરો છે, વિહાર ખેપ છે, અને કમાણી એ માત્ર પૈસાનો સંચય છે.

જીવનયાત્રા સફળ કરવા માટે જ શુભેચ્છાઓની ગઠડી બાંધવાની છે. અંતરમાંથી નીકળતા શુભભાવના ઉદ્ગારોથી આ ગઠડી ભરવાની છે.

આજે તમે સ્વતંત્ર્યદિન ઊજવી રહ્યા છો, પણ તમારા મનમાં સ્વતંત્રતાનો પ્રકાશ, આનંદ કે ઉલ્લાસ નથી, એનું કારણ શું? માણસ ચારે બાજુથી જકડાયેલો છે, બંધાયેલો છે. દીવાલો અને સળિયાનાં બંધન કરતાં રાગદ્વેષનાં બંધન બહુ આકરાં છે.

આજથી નક્કી કરો: "રોજ મારે એકાદી શુભેચ્છા લેવી. કોઇનો જ નિસાસો નહિ, કોઈનીજ ખરાબ વાત નહિ. ખરાબ બોલવાનુ યે નહિ અને સાંભળવાનું યે નહિ."

ધીમે ધીમે તમને ટેવ પડશે, આશીર્વાદ ભેગા કરવાનો શોખ વધશે.

બાળકો સ્ટેમ્પ ભેગા કરવા માટે પડાપડી કરે છે, મોટાંઓ નોટો ભેગી કરવા માટે પડાપડી કરે છે. તમે શુભેચ્છા અને આશીર્વાદ ભેગાં કરવા માટે પડાપડી કરો. આ શોખ (hobby) કેળવો.

રસ્તામાં ચાલતાં ચાલતાં કૂતરું મળે તો જરાક પંપાળીને, રોટલાનો ટૂકડો આપીને આશીર્વાદ લો. મૂક પ્રાણી અન્તર અને આંખમાંથી જે આપશે તે બીજું કોઇ નહિ આપે.

'શુભેચ્છા ભેગી કરવી' એ જ મારું જીવનસૂત્ર છે, એ જ મારી જીવનનૌકાનું rudder છે. ગમે તે ક્ષેત્રમાં જાઉં, પણ મારી ક્રિયા, મારું વર્તન એને જ આધારિત છે.

કોઇ કહે: તમે મોટા સાધુ છો, મહાન છો. ત્યારે કહું: "ભાઈ, તું ભૂલે છે. તું ધારે છે એટલો ઊંચો સાધુ હું નથી. એવા મહાન સાધુઓ બીજે ઠેકાણે મળશે."

"હું તો મારા માટે જીવી રહ્યો છું."

લગ્નોત્સવમાં જેને ગુલાબજળ છાંટવાનું કામ સોંપ્યું હોય એ ગુલાબજળ છાંટ્યા કરે અને સુગંધ લૂંટ્યા કરે.

મને મહાવીરના, સંતોના ઉપદેશનું ગુલાબ-જળ છાંટવાનું કામ મળ્યું છે. હું મારું કામ કરું છું, ઉપદેશ આપું છું, આનંદ માણું છું.

આ સિવાય બીજું કાંઈ મેં કર્યું નથી અને કરતો પણ નથી. કર્યાનો ગર્વ નથી અને દાવો પણ નથી.

આજે તમારા સહુની શુભેચ્છાઓ મારા ઉપર વરસી છે અને વરસતી જ રહે એ હું અન્તરથી ઇચ્છું છું અને તમને પણ શુભેચ્છા ભેગી કરવાનો શોખનો ચેપ લાગે એવી પ્રાર્થના કરું છું.

❋

પૂ. મુનિશ્રી ચંદ્રપ્રભસાગર મહારાજશ્રીની નિશ્રામાં પૂ. મુનિશ્રી બલભદ્રસાગરજી મહારાજે સિદ્ધિતપ આદર્યો અને દર વર્ષની જેમ તપશ્ચર્યા દરમિયાન તેઓશ્રી મનની શાંતિ અને સ્વસ્થતા અનુભવી રહ્યા હતા.

તપ નિર્વિઘ્ને પૂર્ણ થતાં મુનિશ્રી બલભદ્ર-સાગરજીના સંસારી બંધુ શ્રી રાયચંદ બાલુભાઈ તરફથી કોટના દેરાસરમાં તા. ૧૪-૮-૬૯ થી તા. ૧૬-૮-૬૯ ઓચ્છવ રાખવામાં આવ્યો હતો. પહેલે દિવસે બહેનોની પૂજા, બીજે દિવસે શ્રી નમિઊણ મહાપૂજન અને પારણાને દિવસે શ્રી સિદ્ધચક્ર મહાપૂજન રાખવામાં આવ્યું હતું.

પૂજાનો લાભ હજારો ભાઈ બહેનોએ લીધો હતો. અંતમાં શ્રી રાયચંદભાઈએ મોદકની પ્રભાવના કરી હતી.

## સંસારની શેરડી

સંસારનું કલહમય જીવન જોઇ, જીવનદાતા સૂર્યદેવ નિરાશ થઈ અસ્તાચળ તરફ સરકી રહ્યા હતા. એમની નજરે પ્રેમનો એક સોહામણો પલંગ પડ્યો, અને સૂર્યદેવનો ગ્લાનિભર્યો ચહેરો હર્ષથી નાચી ઊઠયો.

ભક્ત કવિ તુકારામ શેરડીના દશ સાંઠા લઇ ઊભી બજારે ચાલ્યા જાય છે. એમની આંખમાં બાળક જેવી નિર્દોષતા છે, મુખ પર ગુલાબ જેવું મૃદુ અને મુક્ત હાસ્ય છે. એમને જોઇ બાળકો ઘેલાં થાય છે. નિર્દોષ બાળકોને જોઈ પોતે ઘેલા થાય છે.

બાળકોએ હાથ ધર્યો એટલે સૌને એક એક સાંઠો આપી, માત્ર એક સાંઠો લઇ એમણે ઘરના આંગણામાં પગ મૂકયો.

આંગણામાં ઊભેલી એમની ક્રોધમુખી પત્ની આ દૃશ્ય જોઈ સળગી ઊઠી. એ મનમાં બબડી: 'આની દાનવીરતા તો જુઓ! ઘરમાં છોકરાં ઘંટી ચાટે ને ઉપાધ્યાયને આટો.'

ત્યાં તુકારામે સાંઠો એના હાથમાં મૂકયો. પત્નીએ શેરડીનો તિરસ્કાર કરી કહ્યું: 'ફેંકો આને ઉકરડે! ફૂલણજી થઈ બધા ય સાંઠા છોકરાઓને વહેંચ્યા, તેમ આને ય આપી દેવો હતો ને? આને અહીં શું કરવા લાવ્યા!' એમ કહી ક્રોધના આવેશમાં ભાન ભૂલેલી એણે સાંઠો પતિના બરડામાં ફટકાર્યો!

ચોટ તો એવી લાગી કે સાંઠાના બે કકડા થઈ ગયા. છતાં મીઠું હાસ્ય કરી તુકારામે કહ્યું: જાણતો જ હતો કે મને મૂકીને તું એકલી તો નહિ જ ખાય. તું તો અર્ધાંગના કહેવાય ને! મને અર્ધો ભાગ આપ્યા વિના તું ખાય ખરી? અર્ધાંગનાનો ધર્મ તેં બરાબર પાળ્યો છે!' એમ કહી એક ટુકડો મોંમાં મૂકી એ બાળકની જેમ રસ ચૂસવા લાગ્યા.

આ જોઇ એમનાં પત્નીની આંખમાં આંસુ આવી ગયાં. શ્રી મહાવીર પ્રભુએ ઠીક જ કહ્યું છે: તિરસ્કારને પ્રેમથી જીતો.

લોહીથી ખરડાયેલાં કપડાં લોહીથી નહિ, પણ પાણીથી શુદ્ધ થાય, તેમ તિરસ્કારનો પ્રતિકાર ક્રોધથી નહિ, પણ પ્રેમથી થાય.

તલવાર સામે ઢાલ, અગ્નિ સામે પાણી, તેમ તિરસ્કાર સામે પ્રેમ!

# ❋ આંતર વૈભવ ❋

( નોંધ : રોક્ષી થિયેટરમાં પૂ. ગુરુદેવ શ્રી ચિત્રભાનુએ શરુ કરેલ 'આંતર વૈભવ' પ્રવચન માળાનું તા. ૧૮-૮-૬૮ આપેલું પ્રવચન )

સ્ટીમરના કપ્તાને જાહેર કર્યું : "સ્ટીમર ઉપડી રહી છે, જેને બેસવું હોય તે બેસી જાય." બંદર ઉપર ઊભેલા મુસાફિરો બેસવા ગયા ત્યાં એકે પ્રશ્ન પૂછયો : "આ સ્ટીમર કયા બંદરે જઇ રહી છે?"

કપ્તાને કહ્યું : આવી પાગલ જેવી વાતો શું કરો છો? સ્ટીમર કયાં જવાની છે એ જાણવાની શી જરૂર? તમે તમારે બેસી જાઓ. જ્યાં જવાશે ત્યાં જઇશું, પહોંચાશે તો પહોચીશું, ડૂબશે તો મરી જઇશું. જેને બેસવું હોય એને માટે સ્ટીમર તૈયાર છે. કયાં જવાનું છે એ તો મને પણ ખબર નથી."

આ સ્ટીમર બધી જ સગવડો વાળી છે, એમાં ઍરકન્ડીશન પણ છે, અરે! મફત બેસવા મળે તેમ છે છતાં એમાં મુસાફરી કરવા કોણ તૈયાર થશે? સહુ કહેશે : "કપ્તાનને જ ખબર નથી કે આ સ્ટીમર હું કયા બંદરે લઇ જવાનો છું તો એમાં કયો મૂર્ખો બેસવા તૈયાર થશે?"

હું પણ ભવના મુસાફિરને એ જ પૂછું છું: "તું કયાં જવાનો છે? ડિગ્રીઓ મેળવી રહ્યો છે, પૈસા ભેગા કરી રહ્યો છે, મોટાં મોટાં તોતિંગ મકાનો બાંધી રહ્યો છે, રોજ નવી નવી શોધખોળ કરી રહયો છે, દિવસ – રાત દોડાદોડ કરી રહ્યો છે; તું આ બધું કરી રહ્યો છે પણ કહે તો, તારી આ સ્ટીમર કયા બંદર તરફ જઈ રહી છે?"

કયાં પહોંચવાનું છે એ ખબર નથી તેમ છતાં મુસાફરી ચાલુ છે, ખડકોની વચ્ચે થઈને, મોટાં મોજાઓ અને તોફાનોની વચ્ચે ચાલી જ જાય છે. એનો કપ્તાન કેવો ગાફેલ છે! પ્રમાદમાં કેવો ચકચૂર છે! કહે છે : "જ્યાં જાય ત્યાં જવા દો. કોઇ બંદર મળી જાય તો ઠીક છે, નહિ મળે તો કોઇ ખડકની સાથે અથડાઈને યાત્રા પૂરી કરીશું. ભગવાન કરશે તે ખરું, ઈશ્વર–ઈચ્છા બલિઅસિ, તકદીરમાં લખ્યું હશે તે થશે."

ભગવાન જેમ કરશે તેમ જ જો કરવાનું હોય તો પછી તું શું કરવાનો? તો કહે: "હું તો જે ગોરખધંધા કરી રહ્યો છું, અસત્ય બોલી રહયો છું, લોકોને શીશામાં ઉતારી રહયો છું; સાચા–ખોટાં કરી, બનાવટ કરી પૈસા ભેગા કરી રહયો છું એ જ કરવાનો." "તારા જીવનનું શું?" તો પાછું કહેશે : "ભગવાન જાણે."

આ નાદાન કપ્તાન આટલેથી નથી અટકતો. કહે છે: "ભગવાને જે રીતે ગોઠવ્યું હશે એ પ્રમાણે થશે. વિધિના લેખો તો કંઈ બદલાતા હશે?" જાણે, વિધિના હાથમાં બધું છે અને માણસના હાથમાં કાંઇ નહિ! માણસ પોતાને કેવો અર્થહીન માનતો થઈ ગયો છે!

સાવ ઘસાઇ ગયેલાં, નિર્બળ વાકયો બોલતાં બોલતાં માણસ પોતાનો પુરુષાર્થ ગુમાવી બેસે છે, બલહીન બની જાય છે.

જીવનયાત્રા જો આ રીતે જ પૂરી કરવાની હોય, નિરાશાનાં વાકયો જ જો બોલવાનાં હોય તો જેને શસ્ત્રો છેદી શકતાં નથી, પાણી ભીજવી શકતું નથી, પવન સૂકવી શકતો નથી અને પાવક બાળી શકતો નથી એવા અંદર બેઠેલ જ્યોતિ સ્વરૂપ આત્માની શકિતનો કોઈ અર્થ જ નથી!

આનંદમય, સુખમય, શાશ્વતમય એવો સમર્થ કપ્તાન તમારામાં હોવા છતાં શું તમે એમ જ કહયા કરશો કે ભગવાન કરે તે ખરું, તકદીરમાં લખેલું તે કાંઈ હવે બદલાવાનું છે?

સંસારની બાબતમાં બદલાવી શકો અને આત્માની બાબતમાં કાંઇ નહિ ? માલ આપવાનો સોદો કર્યો હોય અને ભાવ વધી જાય તો તમે કરારમાંથી કેવા છટકી જાઓ છો ? વાત કેવી બદલી નાખો છો ? વચન આપ્યું હોય તો પણ શું કહો ? એ તો અમસ્તી વાત જ હતી, વચન ક્યાં હતું ?

જ્યાં અનુકૂળ ન પડે, ફાયદામાં ન હોય ત્યાં બદલાય પણ જીવનની યાત્રામાં પુરુષાર્થ વડે સુકાન ન બદલાય ? માત્ર નિરાશા અને નિરુત્સાહ.

આમ કેમ ચાલશે ?

નિરાશા સામે આશાભરી દૃષ્ટિ કેળવો, જીવંત વિચાર મૂકો, પ્રણાલિકાઓને પડતી મૂકી મૂળ સિદ્ધાંતને પકડો.

તારા જીવનનું નિર્માણ કોઈ ત્રીજી વ્યક્તિના હાથમાં છે જ નહિ. તું જ તારો નિર્માતા છે, તું જ તારો ઘડવૈયો છે.

Man is himself responsible for his own fortunes. પોતાના કાર્યોની જવાબદારી પોતાની જ છે. બીજાઓ તો માત્ર નિમિત્ત જ બને છે.

માટે હવે જાગૃતિ અને જવાબદારીની દોર હાથમાં લેવાની છે. જે ઘડીએ આ સમજાઇ જશે, પછી તમે જ કહેશો; "મારા જીવનને ખરાબ કરનારો જો હોઉં તો હું છું તો સારો કરનારો શા માટે ન બનું ? હું બીજાને શા માટે દોષ દઉં ? મેં મારી જાતને એવા સંજોગોમાં મૂકી તો એ સંજોગોના કારણે હું નિમ્ન કોટિમાં ચાલ્યો ગયો. તો હવે, હું મારી જાતને એમાંથી ઉઠાવીને ઊંચે કેમ ન લાવું ?"

પ્રભુ પાસે પૈસો નહિ, સંતાનો નહિ, આયુષ્ય નહિ પણ પ્રકાશની માગણી કરો.

કહો કે મને માત્ર પ્રકાશ આપ. પ્રકાશ હશે તો રસ્તો દેખાશે.

કો'ક સાધકે કહેલું : "હે પ્રભુ ! બીજું કાંઈ નહિ, પણ થોડા થોડા દિવસે મને દુ:ખ મળતું રહે એટલું તું જોતો રહેજે. દુ:ખનો તાપ અભિમાનના હિમાચલને ઓગાળી નાખે તો હું સરિતા બનીને તારા ચરણોને ધોવા દોડી આવું."

અહંકારના હિમાચલને ગાળનાર દુ:ખની ઉષ્મા છે પણ જ્ઞાન તો એ અહંકારના હિમાલયનું અસ્તિત્વ જ મિટાવી દે છે.

દુ:ખ સહન કરવાની શકિત જ રહી નથી. જરાક દુ:ખ આવે અને તરત ઊંઘની ગોળીઓ (tranquiliser) લે, મનમાં મૂંઝવણ ઊભી થાય તો એને ઉકેલવાને બદલે ભૂલવા શરાબ લે.

થોડીકવાર ભ્રમની ગુલાબી દુનિયામાં ફરી આવે, સ્વપ્નોની દુનિયામાં વિચરે, સૂઈ જાય. સવાર પડે, ભારે આંખ ખોલે ત્યારે એ જ મૂંઝવણ ડોકિયાં કરે. ભૂલવાનો પ્રયત્ન કર્યો પણ ભૂલી નથી શકયો. થોડીકવાર માટે હકીકત જરા દૂર ધકેલી શકયો પણ એને મટાડી ન શકયો.

તમારે ભૂલવું છે કે મિટાવવું છે ? શાંતિથી બેસીને કેમ ન વિચારો: 'દુ:ખનું કારણ કોણ ? દુ:ખ કેમ આવ્યું ? કયાંથી આવ્યું ?'

શુદ્ધ સોનું ધૂળ સાથે મળી ગયું તેમ નિર્મળ પારદર્શક આત્મા કર્મ સાથે બંધાયો.

આખું વિશ્વ પુદ્ગળોના ઝીણા પરમાણુઓથી ભરેલું છે. આંખો જેને જોવા માટે સમર્થ નથી એવા અબજો અણુઓ નજર સમક્ષ દોડી રહયા છે. એને જોવા સૂક્ષ્મદર્શક કાચની (magnifying glass) મદદ લેવી પડે છે. તેમ છતાં એ સૂક્ષ્મ પરમાણુઓ દૃષ્ટિના અવલોકનના વ્યાપારમાં અવરોધક નથી બનતા. વચ્ચે અનંત

પરમાણુઓ હોવા છતાં માણસ એકબીજાને જોઇ શકે છે.

તમારા કોમળ, ઊજળા અને શ્વેત દેખાતા હાથો ઉપર પણ રોગનાં અસંખ્ય જંતુઓ છે, અણુઓ છે. માટે જ ચિકિત્સકો હાથ ચોખ્ખા રાખે છે એમના હથિયારોને જંતુરહિત (sterilize) કરે છે.

જીવો અને પુદ્‌ગળોના પરમાણુઓનું મિશ્રણ એનું નામ તે વિશ્વ.

કર્મ શું ચીજ છે? તમે જે કામ કરો છો એ કર્મ નથી, એ તો કાર્ય છે. તમારી સારી અને ખરાબ પ્રવૃત્તિઓનું પરિણામ (result) એ કર્મ. તમે વિચાર કરતા હો ત્યારે એ વિચારની પ્રક્રિયા (process) સાથે તમારા આત્મામાં કર્મબંધન ચાલ્યા જ કરે છે.

માણસ જે જાતના વિચારો કરે છે એ જાતની અસર (effect) એના શરીરમાં થાય છે ને? મારવાની વૃત્તિ જાગે તો ક્રોધ આવે, લોહી ગરમ થાય, દાંત પીસવા માંડે અને એને અનુરૂપ હાથની ચેષ્ટા પણ થાય.

તેવી જ રીતે જીવનની શાંતપળોમાં ભૂતકાળનું મધુર સ્મરણ તાજું થતાં એકલા એકલા જ મલકાઈ જવાય, હોઠો ઉપર આછું આછું હાસ્ય ચમકી જાય. એ પળે સ્વજન કે મિત્ર આવી ચઢે, પૂછે : "કેમ એકલા એકલા જ હસો છો?" તમે કહો : "હું કયાં હસું છું" પણ મનમાં જે વિચારો ચાલે છે એનું પ્રતિબિંબ (reflection) આંખોમાં, હોઠો ઉપર અને સારા ય ચહેરા ઉપર આવ્યા વિના રહેતું નથી.

જે અંદરથી ઘવાયો હોય, જેનું અપમાન થયું હોય એને તમે લગ્ન પ્રસંગમાં લઇ જાઓ. બધા હસતા હોય એટલે એ પણ ધક્કો મારીને, પ્રયત્ન કરીને હાસ્યને બહાર લાવવા મથામણ કરે પણ સહજ સ્ફૂર્તિનું મુકત હાસ્ય દોડી નહિ આવે. ધક્કો મારવો પડે, હોઠ પહોળા કરવા પડે, ગાલ ખેંચવા પડે. કહે : તું બહાર આવ. આ હાસ્ય બતલાવવા માટે છે, માણવા માટે નહિ. બહાર છે, અંદર નથી.

ચતુર સમજી જાય છે. પૂછે: "કેમ તમે દુઃખી છો?" કહે : "ના, ના કાંઇ નથી." 'કાંઇ નથી' એમ ભલે કહે પણ એને 'કાંઇક' તો છે જ. માટે તો સહજ સ્ફૂર્તિનું મુકત હાસ્ય એ નથી કરી શકતો.

વિચારને લીધે એની પ્રકૃતિમાં પલટો આવે છે.

વિચારોની પ્રક્રિયા ઘણી ઊંડી છે, લોહચુંબક જેવી છે.

લોહચુંબકનો ટૂકડો જેમ લોહની ઝીણી ઝીણી રજકણોને ખેંચી લે, અટકાવી દે છે તેવી પ્રક્રિયા વિચારોની છે.

એક ભાઇ મારી પાસે આવ્યા. કહે: મહારાજશ્રી, મેં એવી સિદ્ધિ પ્રાપ્ત કરી છે કે હું હાથ ઊંચો કરું અને આ ઘડિયાળ બંધ થઇ જાય.

એ ભાઇ ઘડિયાળ નજીક ઊભા રહયા, અંદર ગયા અને બહાર આવ્યા, અને ઘડિયાળ બંધ થઇ ગયું.

અદ્‌ભુત ચમત્કાર! બેઠેલા બધા એને ઝૂકી પડ્યા.

મેં કહ્યું : "ખિસ્સામાં લોહચુંબક તો લઇને નથી આવ્યા ને?" કહે: "ના, ના." જ્યાં કેડમાં તપાસવાની વાત થઈ ત્યાં પેલા ભાઇએ ચાલતી જ પકડી.

લોહચુંબકે ઘડિયાળના ભાગને (part) સ્થગિત કરી દીધું. આ ચમત્કાર. (ક્રમશઃ)

પ્રભાતે રોજ આટલું ન વિચારો? આખા દિવસનાં કેટલાય કલાક ખાવામાં, ધંધામાં, ધમાલમાં અને નિદ્રામાં ખર્ચાય છે અને સદ્કાર્ય, સદ્વિચાર અને પ્રભુ સ્મરણમાં કેટલા કલાક જાય છે?

"સૌરભ"

Would you not muse over this at daybreak every morning? How many hours do you while away each day in eating and sleeping, in bustle and business? And over against these, how many are spent in elevating thought, in ennobing action, in sincere prayer?

'from : **Lotus Bloom**'
by : Chitrabhanu


*With best compliments from*

**SAYAJI SHUBHALAXMI MILLS**

**Terry cotton and Fine & Superfine cloths, rags and fents.**

Contact : Mr. Bhadrik Kumar Chinubhai
229, New Cloth Market
Ahmedabad.

Tel : 52350

લાગી. જ્યારે સમસ્ત પ્રજા સ્વાતંત્ર્ય દિન ઊજવે ત્યારે આમને મંદિરમાં જવાનું કયાંથી સૂઝયું? થયું કે જૈન હશે. પૂછયું: "જૈન છો?" "ના, જરાયે નહિ." પૂછનારનું કૌતુક વધ્યું. મિત્ર ગુંચવાયો. શ્રી દાણીએ સ્મિત કરી સમાધાન કર્યું: "નિરાંતે કહીશ."

શું જૈન ઉપાશ્રયમાં માત્ર જૈનો પ્રવેશે? 'જૈન' શબ્દની આવી ટૂંકી વ્યાખ્યા? પૂ. ગુરુદેવને મન જૈન ધર્મ એ સંપ્રદાય નહિ, પણ જીવન સુંદર રીતે જીવવાની કળા છે.

સુંદર રીતે શણગારેલો કોટ ઉપાશ્રયનો વિશાળ ખંડ નાનો થવા લાગ્યો. જન્મદિવસના ઉત્સાહમાં, પુસ્તક વિષે વધુ જાણવાની આતુરતામાં સંકડામણ હોવા છતાં અકળામણ ઊભી ન થઈ.

શ્રોતાજનોનો સમુદાય વિશાળ હતો તેવો જ વિચક્ષણ પણ હતો. અગ્રગણ્ય વ્યાપારીઓ હતા, ડૉકટરો હતા અને વિદ્વાન પ્રોફેસરો પણ હતા; જૈન કે જૈનેતર નહિ પણ માનવો હતા.

નવ વાગ્યા અને આગમ પ્રભાકર પૂ. મુનિરત્નશ્રી પુણ્યવિજયજી મહારાજ, પૂ. ગુરુદેવ અને સિદ્ધિ તપ કરી રહેલા તપસ્વી પૂ. મુનિશ્રી બળભદ્રસાગરજી વગેરે નીચે પધાર્યા. ભકત હૃદયો નાચી ઊઠયાં.

કાર્યક્રમનું સંચાલન શ્રી ફુલચંદભાઈ દોશીના હાથમાં હતું. જીવનસૌરભનું proof, બાંધણી વગેરેમાં ઉત્સાહપૂર્વક રસ દાખવી પુસ્તકના પ્રકાશનમાં તેઓ રાત-દિવસ જોયા વિના ખૂબ મદદગાર બન્યા હતા. તેમનો ઉત્સાહ પણ અજોડ હતો.

કાર્યક્રમની શરુઆત શ્રી ચન્દ્રશેખરભાઈ, પ્રમોદા પી. શાહ, જૈન મહિલા સમાજની બહેનો તથા જયંત જોશીના ભજનોથી થઈ. ભકિતના રંગે રંગાયેલા મધુર ગીતોએ સહુના અંતરની ભાવનાને વાચા આપી. પૂ. ગુરુદેવનો ગુણાનુવાદ સંગીતના સૂરે રેલાયો.

સંતના આશીર્વાદ કોણ નથી ચાહતું? સંતના દર્શને આવવા કોણ નથી પ્રેરાતું? એ સંતના જીવનચરિત્રના ઉદ્દઘાટન પ્રસંગે ન આવી શકયા તે લાચાર હતા. પણ મૂંગા ન બેઠા. શુભેચ્છાઓના સંદેશા પાઠવ્યા. અનેક સંદેશાઓ હતા—આચાર્યોના હતા, સાધુ સાધ્વીઓના હતા, મિનિસ્ટરોના હતા, મેયરનો હતો, વકીલોના હતા, વિદ્વાનોના હતા, અગ્રગણ્ય નાગરિકોના હતા, ડૉકટરોના હતા, અને સેવાભાવી કાર્યકર્તાઓના પણ હતા.

ત્યારબાદ અન્ય ભકતોએ પૂ. ગુરુદેવ પ્રત્યેની પોતાની ભાવનાઓ વ્યકત કરી.

શ્રી જમુભાઈ દાણીએ જણાવ્યું: જે બીજની ઝખનાએ પૂ. ગુરુદેવને આજે આ સ્થાને લાવી મૂકયા તેમના જીવનચરિત્રનો સત્કાર આપણા જીવનમાં એવો પ્રારંભ કરવાથી જ થશે. સુખ બાહ્ય વસ્તુઓમાં નથી; આંતરવૈભવમાં જ છે.

Moral Rearmamentના ઓસ્ટ્રેલિયાના શ્રી ડેવીડ લૈન્કેસ્ટર અને સ્કોટલેન્ડના શ્રી આયેન રોબર્ટસન અને યુવતીઓને પણ પૂ. ગુરુદેવના જન્મદિવસે અંગ્રેજીમાં નાનું શું ગીત ગાઈને પોતાનો આદરભાવ વ્યકત કરવો હતો. તેમણે વિશ્વમાનવ કેવો હોવો જોઈએ એ સમજાવતું ગીત ગાયું.

ત્યારબાદ પ્રભાબહેન પરીખ અને તેમના કુટુંબીજનોએ પૂ. ગુરુદેવનું અને જીવનસૌરભનું પૂજન કર્યું. તે પછી આગમ પ્રભાકર પૂ. મુનિરાજશ્રી પુણ્યવિજયજી મહારાજશ્રીએ ઉદ્દઘાટન કરી પોતાના વિચારો રજૂ કર્યા અને પૂ. ગુરુદેવને પોતાની હાર્દિક શુભેચ્છા પાઠવી. અંતે શુભેચ્છાઓની વર્ષાથી દબાઈ ગયેલા પૂ. ગુરુદેવે અનુકૂળ ઉપસર્ગોથી ઊભી થતી મૂંઝવણ વ્યકત કરી, જીવનમાં સહુના આશીર્વાદ એકઠા કરવાની પોતાની બાળપણની ટેવનું (hobby) સહુ અનુકરણ કરે એવી ભાવના વ્યકત કરતાં કાર્યક્રમ પૂર્ણ થયો.

**કુ. વત્સલા અમીન**

મુદ્રક, પ્રકાશક અને માનાર્હ સંપાદક શ્રી ચંદુલાલ ટી. શાહે, લિપિની પ્રિન્ટરી મુંબઈ નં. ૨ માં છપાવી, ડીવાઈન નોલેજ સોસાયટી (દિવ્ય જ્ઞાન સંઘ) માટે 'કવીન્સ વ્યૂ' ૨૮/૩૦, વાલકેશ્વર મુંબઈ નં. ૬ માંથી પ્રગટ કર્યું છે